SHREE BHARAT CO-OPERATIVE BANK LTD., BARODA.
(Estd.1947) (Regd.No. 17379)
Registered Office : 'Sahakar Sadhana' Near Wadi Tower, Wadi, Vadodara-390017..
Phone : No.0265-2582002 e-mail : shreebharatcoopbankltd@yahoo.co.in

# ઓડીટ પોલીસી(સ્ટેચ્યુટરી ઓડીટ માટે)

૧. બેન્કનું વાર્ષિક ઓડીટ જે તે નાણાંકીય વર્ષના ત્રીમાસીક કલોઝીંગના શરૂઆતના ૪૫ દિવસમાં પૂર્ણ કરવાનું રહેશે અને જે તે ત્રીમાસીકનો ઓડીટ અહેવાલ બેંકને મોકલી આપવાનો રહેશે તેમજ વાર્ષિક ઓડીટ અહેવાલ શ્રુતિ ફોટમાં તૈયાર કરી સી.ડીની એક નકલ બેંકેને આપવાની રહેશે.

૨. સહકારી સંસ્થાઓના ઓડીટ રીપોર્ટ તૈયાર કરવા અંગેની જરૂરી સૂચનાઓ રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય ગાંધીનગર ધ્વારા વર્ષ ૧૯૮૩માં તૈયાર કરાયેલા ઓડીટ મેન્યુઅલના પ્રકરણ-૭ પાન નં.૧૩૪ ઉપર દર્શાવેલ છે. તે મુજબ ઓડીટ અહેવાલ કરવાનો રહેશે. તદ્ઉપરાંત ઓડીટ અહેવાલમાં નીચેની બાબતનો સમાવેશ કરવાનો રહેશે.

- નાણાકીય વર્ષનો હિસાબ તપાસણી યાદી ભાગ-૧ અને ભાગ-૨
- નાગરિક સહકારી બેંકોની વિગતો દર્શાવતો પત્ર (એનેક્ષર-એ)
- નાગરિક સહકારી બેંકોની આર્થિક સ્થિતિનું તુલનાત્મક પત્રક (એનેક્ષર-બી) ત્રીમાસિક તથા નાણાંકિય વર્ષના અંતે વાર્ષિક.
- હિસાબ તપાસણી ત્રીમાસીક ધોરણે હાથ ધરી તેનો સંક્ષિપ્ત અહેવાલ (સમરી રિપોર્ટ) ત્રીમાસીક ધોરણે બેંકને મોકલી આપવાનો રહેશે.
- નાગરિક સહકારી બેંકોનો ઓડીટ રીપોર્ટ ફોર્મેટના આધારે તૈયાર કરેલ વિગતવાર અહેવાલ (એનેક્ષર-સી) વાર્ષિક તથા નિયત થયેલ પત્રક ત્રિમાસીક તથા વર્ષના અંતે વાર્ષિક (૧ થી ૧૯)
- ઓડીટ રીપોર્ટ (એનેક્ષર-ઈ)
- બેંક તરફથી મળેલ હિસાબી પત્રકો, વાર્ષિક અહેવાલ, એન.પી.એ.નું પત્રક રોકાણોની માહિતી ઓડીટ રીપોર્ટ સાથે મુકવી.

૩. ઓડીટ ફી ગુજરાત ગર્વનમેન્ટ ગેઝેટ ex.૧૭/૩/૨૦૦૬ ધ્વારા નકકી કરવામાં આવેલ છે તે મુજબ જેતે સમયે બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મીટીંગમાં ઠરાવી ચુકવવામાં આવશે.

૪. ઓડીટ દરમ્યાન બેન્કના કામકાજ વ્યવસ્થા અંગે કોઈ વહીવટી કે નાણાકીય પ્રકારની ગંભીર અનિયમિતતાઓ ક્ષતિઓ જે ગેરરીતિઓ ધ્યાન પર આવે તો તે અંગે તુર્ત જ ચાલુ ઓડીટ દરમ્યાન બોર્ડ ઓફ ડાયરેક્ટર્સનું ખાસ અહેવાલ આપી ધ્યાન દોરવાનું રહેશે.

૫. ઓડીટ કામગીરી બેન્કની શાખાઓ સહિતની નોંધાયેલી ઓફિસે જ હાથ ધરી પૂર્ણ કરવાની રહેશે.

૬. ઓડીટ અહેવાલ સાથે તપાસણી ભાગ-૧ તથા ભાગ-૨ના તમામ કોલમોના યોગ્ય રીતે બંન્ને પ્રશ્નોને અનુરુપ વાસ્તવિક જવાબ આપવાના રહેશે.

૭. ધિરાણ સંબંધમાં ધિરાણ અને વસુલાતની કામગીરી તેમજ એન.પી.એ.નું વર્ગીકરણ ચકાસીને તે અંગે ઉપયોગી સુચનો કરવા બેન્કના નાણાકીય ભંડોળની વ્યવસ્થા અને રોકાણૌ યોગ્ય રીતે કરવામાં આવેલા છે કે કેમ? તેની ચકાસણી કરવી.

૮. બેન્કના વાર્ષિક હિસાબો પત્રકો નફા/નુકશાન ખાતું તથા સરવૈયાની જે તે વર્ષની બેન્કની કામગીરી સંદર્ભમાં સમીક્ષા કરી નુકશાન હોય તો તેના કારણોણી છણાવટ કરવી તથા પત્રકો સામેલ રાખવા.

૯. બેન્કની વાર્ષિક સાધારણ સભામાં ઓડિટરશ્રીની હાજરી આપવાની રહેશે બેન્કની વાર્ષિક સાધારણ સભા સમક્ષ ઓડીટ રિપોર્ટ રજૂ કરવાની કાયદાકીય જોગવાઈ હોઈ સાધારણ સભાની તારીખના ૧૫ દિવસ અગાઉ લેખિતમાં રીપોર્ટ બેન્કને મોકલી આપવાનો રહેશે.

૧૦.રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના તા.૧૫/૦૩/૨૦૨૧ના પત્ર અનુસાર સી.એ. ધ્વારા નીચેની બાબતોની ખરાઈ કરવાની રહેશે, અને તે મુજબ ઓડીટ મેમામાં જરૂરી ઉલ્લેખ કરવાનો રહેશે.

- બેન્ક ધ્વારા ઓડીટ દરમ્યાન પુરી પાડવામાં આવેલ માહિતી અને સ્પષ્ટતાઓ સંતોષકારક લાગ્યા છે કે કેમ?

- બેન્કે કરેલા વ્યવહારો બેન્કના અધિકાર ક્ષેત્ર મુજબના જણાવ્યા છે કે કેમ?

- બેન્કે પુરા પાડેલા પત્રકો ઓડિટના હેતુ માટે પુરતા જણાયા છે કે કેમ?

- બેન્કનું નફા-નુકશાન ખાતું જે તે હિસાબી સમયની નફા અને નુકશાનને લગતી સાચી અને ખરી પરિસ્થિતિ દર્શાવે છે કે કેમ?

- બેંકના શેર હોલ્ડરોના ધ્યાને મૂકવા જેવી અન્ય કોઈ અગત્યની બાબત ઓડીટ સમય દરમ્યાન જણાઈ આવી છે કે કેમ?

- રિઝર્વ બેંકને મોકલવાની થતી માહિતી યોગ્ય રીતે મોકલવામાં આવી છે કે કેમ?

૧૧.બેંન્કીંગ રેગ્યુલેશન એક્ટ ૧૯૪૯ (As Applicable to Co-Operative Societies) (see section 29) મુજબ ફોર્મ “એ” તથા “બી” ઓડીટ મેમા સાથે આપવાના રહેશે.

ઉપરોક્ત પોલીસી તા.૨૯/૬/૨૦૨૧ના રોજ મળેલ બોર્ડ ઓફ ડીરેક્ટર્સની મીટીંગમા ઠરાવેલ છે. ઠરાવ નં.૨.